શિક્ષણનો અધિકાર

સર્વશિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

# સર્વ શિક્ષા અભિયાન (એસ.એસ.એ.) ગુજરાત દ્વારા સંચાલિત
## કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં (કેજીબીવી)
## ફકત મહિલા શિક્ષકોની ભરતી

સર્વ શિક્ષા અભિયાન (એસ.એસ.એ.) અંતર્ગત કાર્યરત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં (કેજીબીવી) યોજના હેઠળ રાજ્યના અતિ છેવાડાના તેમજ ઓછા સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા તાલુકાઓમાં કાર્યરત છે. આ નિવાસી શાળાઓમાં હાલની પરિસ્થિતિની ખાલી જગ્યાઓ, ભવિષ્યમાં ખાલી થનાર જગ્યાઓ તથા જીલ્લાવાર વેઈટીંગ લીસ્ટ ઉભુ કરવા માટે ૧૧ માસના કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે (કોન્ટ્રાક્ટ બેઝ) મહિલા ઉમેદવારો પાસેથી તા. 06-08-2018 થી તા. 15-08-2018 દરમિયાન ONLINE અરજીઓ મંગાવવામાં આવે છે. આ જાહેરાતમાં માત્ર ONLINE અરજીઓ જ સ્વીકારવામાં આવશે.

| ક્રમ નં. | જગ્યાનું નામ | મહેનતાણું |
|---|---|---|
| 1 | આસિસ્ટન્ટ વોર્ડન | રૂ. ૧૫,૦૦૦/- માસિક લેખે |
| 2 | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી શિક્ષક) ગણિત-વિજ્ઞાન | રૂ. ૨૦,૦૦૦/- માસિક લેખે |
| 3 | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી શિક્ષક) સામાજીક વિજ્ઞાન | રૂ. ૨૦,૦૦૦/- માસિક લેખે |
| 4 | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી શિક્ષક) ભાષા | રૂ. ૨૦,૦૦૦/- માસિક લેખે |
| 5 | પૂર્ણ સમયના શિક્ષક (નિવાસી શિક્ષક) અંગ્રેજી | રૂ. ૨૦,૦૦૦/- માસિક લેખે |
| 6 | ખંડ સમયના શિક્ષક (એ.ટી.ડી.) (બિન નિવાસી) | રૂ. ૮,૫૦૦/- માસિક લેખે |
| 7 | ખંડ સમયના શિક્ષક (સી.પી.એડ.) (બિન નિવાસી) | રૂ. ૮,૫૦૦/- માસિક લેખે |
| 8 | ખંડ સમયના શિક્ષક (ગણિત-વિજ્ઞાન અને કમ્પ્યુટર) (બિન નિવાસી) | રૂ. ૮,૫૦૦/- માસિક લેખે |

વય મર્યાદા :- - અરજી કરવાની છેલ્લી તારીખે ૪૦ વર્ષથી વધુ નહિં.
- કેજીબીવીમાં હાલ ફરજ બજાવતાં કર્મચારીઓ માટે ઉંમરનો કોઈ બાધ રહેશે નહિ.

નિમણુંકનો પ્રકાર :- કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે ૧૧ માસથી વધુ નહિં.

ઉમેદવારોએ ઓનલાઈન (ON LINE) અરજી www.ssagujarat.org વેબસાઈટ પર જઈ Recruitment પર ક્લિક કરી, કરવાની રહેશે. ઓનલાઈન કરવા માટેની આવશ્યક લાયકાત, અરજી કરવાની રીત, ભરતીના નિયમો અને શરતોની સૂચના / માર્ગદર્શિકા વેબસાઈટ પર મુકેલ છે, જેને વાંચીને અરજી કરવાની રહેશે.

ઉમેદવારે અરજી જે જિલ્લા અને જે જગ્યા માટે કરેલ હશે તે જ માન્ય ગણાશે. એક કરતાં વધારે જીલ્લા માટે ઉમેદવાર અરજી કરી શકશે પરંતુ તેમણે દરેક જીલ્લા માટે અલગ-અલગ ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઈન કરેલ અરજીની પ્રિન્ટ કરી, પોતાની પાસે રાખવાની રહેશે. ઈન્ટર્વ્યુ સમયે આ પ્રિન્ટ આઉટ, તેમજ નિયત લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અને અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.

**ઓનલાઈન અરજી શરૂ કરવાની તારીખ : 06-08-2018 (બપોરે ૧૨.૦૦ કલાકથી શરૂ)**
**ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ : 15-08-2018 (૨૩.૫૯ કલાક સુધી)**

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સર્વ શિક્ષા અભિયાન (એસએસએ)
સેકટર-૧૭, ગાંધીનગર

Edu master

(માહિતી/૧૧૫૦/૧૮-૧૯)